SA II 2019

ધો-8

ગુજરાતી

જવાબ કી

## વિભાગ- A

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| (1) | B | (11) | A | (21) | C | (31) | B |
| (2) | A | (12) | C | (22) | A | (32) | C |
| (3) | C | (13) | A | (23) | C | (33) | B |
| (4) | B | (14) | C | (24) | B | (34) | A |
| (5) | B | (15) | B | (25) | B | (35) | A |
| (6) | A | (16) | B | (26) | C | (36) | A |
| (7) | C | (17) | A | (27) | A | (37) | B |
| (8) | A | (18) | C | (28) | C | (38) | C |
| (9) | B | (19) | C | (29) | B | (39) | A |
| (10) | C | (20) | A | (30) | C | (40) | C |

{ઞાનસર કી}

## વિભાગ-B

પ્રશ્ન-1 નીચેનામાંથી ગમે તે પાંચ પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો (10)

(1) નવા વર્ષે લેખક કયા-કયા સંકલ્પ કરે છે?

જવાબ આખું વર્ષ વહેલા ઉઠવુ, નિયમિત નોંધપોથી લખવી આજ પછી કસરત ન કરી હોય તે દિવસે જમવું નહીં, કદી ચા ન પીવી, હંમેશા દોઢ કલાક કાંતવું, ત્રણ કલાક વાંચવુ, વાંચવું ને વાંચવું જ, રોજ ગીતાનો એક-એક શ્લોક મોઢે કરવો, પાઈએ પાઈનો વ્યવસ્થિત હિસાબ રાખવો.

(2) અંજન કેવી વ્યથા અનુભવે છે?

જવાબ અંજનને એના પિતા એનું મનગમતું કામ કરતાં સતત રોકતા રહે છે અને વઢે છે તે અંજન પાસેથી પૈડું, ભમરડો લખોટા જેવા રમવાના સાધનો લઈ લે છે આથી તેનો આનંદ મરી જાય છે પિતાની બીકથી એ માંદો પડી જાય છે અંજન માને છે કે તડકો તડકામાં ખુબ કૂદાકૂદ કરી એટલે તેને તાવ આવ્યો એની માં માને છે કે એના બાપુ વઢ્યા ન હોત તો તે માંદો ન પડત તેની બહેન કિન્નરીને એમ લાગે છે કે ભાઈ તેના વાંકે માંદો પડ્યો ~~છે, પણ અંજન માને છે કે બહેનને દોષિત ગણતો નથી~~ એ તો પોતાના નસીબનો જ વાંક કાઢે છે.

(3) સુમોહનને કઈ વાત કઠતી હતી? તેણે લેખિકાને શું કહ્યું?

જવાબ સુમોહનની ઈચ્છા પોતાની નાની વહાલી બહેન પ્રીતિને ડૉક્ટર બનાવી અમેરિકા આગળ ભણવા મોકલવાની હતી, પણ હવે એ પરિસ્થિતિ રહી નહોતી એ વાત તેને કઠતી હતી તેણે દર્શનાને કહ્યું કે પ્રીતિ ભણવામાં એના કરતાંય હોંશિયાર છે. એને મનમાં એમ હતુ કે તે બહેનને દુનિયામાં ઊંચી કેળવણી અપાવશે પણ હવે સ્થિતિ બદલાઈ ગઈ છે. પોતાને જે સગવડ મળી તે હવે બહેનને મળે તેમ નથી એને કારણે બહેનને જ સહન કરવાનું આવ્યું પોતે બહેન કરતાં મોટો હોવા છતાં તે આટલું કહેતા તેનો અવાજ ભીનો થઈ ગયો.

(4) વલ્લભભાઈનો ભાઈ માટેનો પ્રેમ કઈ ઘટનામાં પ્રગટ થાય છે?

જવાબ વલ્લભભાઈને ઈંગ્લેન્ડમાં જઈને કાયદાનો અભ્યાસ કરવો હતો આથી એમણે બચત કરી પૈસા ભેગા કર્યા હતા પરંતુ એ પૈસાથી તેમણે મોટાભાઈ વિઠ્ઠલભાઈને લંડન મોકલ્યા

(5) બાલાની મૂંઝવણ શી હતી? એની મૂંઝવણ પહાડીને કેમન સમજાઈ

જવાબ બાલાની મૂંઝવણ એ હતી કે પહાડ તો તંબુ જેવો હોય છે.

તેના છાપરા ઉપર ખાટલો કેવી રીતે ઢાળીને લોકો સૂતા હશે. લાલાની આ મૂંઝવણ પલાંડીને ન સમજાઈ કારણ કે પલાંડી પ્રદેશના જીવનથી લાલો અજાણ છે એનો પલાંડીને નવાઈ લાગી હતી

(6) ભનેયાઓએ ગોદડાં પર લૂંટ શા માટે ચલાવી?

જવાબ ભનેયાઓને દરબાર ગઢમાં ઉતારો આપ્યો હતો કાતિલ ઠંડી હતી તેમ છતા જાનમાં આવેલા પચાસ માણસ વચ્ચે સાવ ચાપડ જેવી પાતળી ત્રીસ ગોદડી વેવાઈએ આપેલી આટલી ગોદડીમાં પચાસ માણસને ક્યાંથી પૂરું થાય? આવી કાતિલ ઠંડીમાં ઠુઠવાવું ન પડે એટલે ભનેયાઓએ ગોદડાની લૂંટ ચલાવી.

પ્રશ્ન-2 નીચેનામાંથી ગમે તે ચાર પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો (8)

(1) વિદાયની આગલી રાતે વડીલો કેવી લાગણી અનુભવે છે?

જવાબ વિદાયની આગલી રાતે વડીલોના ચિત્તમાં સ્વજનોના થનાર વિરહનું દુઃખ હતુ. પુત્રો, પુત્રવધૂઓ અને તેમના બાળકોની સાથે આનંદ માણી રહેલા વડીલો માટે મિલનની આ છેલ્લી રાત હતી બીજે દિવસે તો તેમના સંતાનો પરિવાર સાથે પોતાના ધંધાર્થે જતા રહેવાના હતા. ઘર ખાલી થઈ જવાનું હતુ હવે એ સૂમસામ ઘરમાં તેમણે સંતાનો વગરનું પોતાનું એકાકી જીવન વિતાવવાનું હતું.

(2) કવિ કઈ-કઈ વાતની શરૂઆત કરવાનું કહે છે?

(1) જીવનમાં આવનારી સૌ ખુશીની વાતથી એક નવી શરૂઆત કરીએ (2) દુઃખોથી હારી જવાને બદલે દુઃખોનો હિમ્મતથી સામનો કરવાની શરૂઆત કરીએ (3) બાહ્ય સૌંદર્યની જેમ આંતરિક સૌંદર્યને ખીલવવાની શરૂઆત કરીએ (4) જે પરિસ્થિતિમાં હોઈએ તેમાં આપણા ગુણોથી ઘર, નગર અને સમગ્ર વિશ્વને સુંદર બનાવવાની શરૂઆત કરીએ (5) જીવનમાં જે કઈ મળ્યું છે તેને સવાયું કરીને એની સોગાત આપીને આવનારી પેઢીને ઉજ્જવળ બનાવવાની શરૂઆત કરીએ.

(3) સુદામાના આગમનથી શ્રી કૃષ્ણ પર શી અસર થઈ?

જવાબ સુદામાના આગમનની જાણ થતા જ શ્રી કૃષ્ણ હે હે કરતા સફાળા ઉઠ્યા અને દોડ્યા. પગમાં મોજડી પહેરવા પણ રોકાયા નહિ. દોડતાં દોડતાં તેમનુ પિતાંબર પગમાં ભરાઈ જતું હતુ તેમના હૈયામાં આનંદ માતો નહતો. એમને દોડવાથી શ્વાસ ચડતો હતો તેઓ હાંફી રહ્યા હતા ક્યારેક તેઓ જમીન પર ઢળી પડતા. અને ફરીથી બેઠા થતા

સુદામાની [illegible] ઉતાવળમાં
શ્રી કૃષ્ણને એક પળ જુગ જેવી લાગતી હતી.

(4) અવસરના તોરણિયા દ્વારા કવિ શું કહે છે?

જવાબ અવસરના તોરણિયા હસીને કહે છે કે તમે હૈયા માં હેત ભરીને આવો. અહીં લાગણી લાગણીઓ સદાય લહેરાતી હોય છે આવો વહાલભર્યો લહાવો તમારા જીવનમાં આવ્યો છે તો તમારાથી એનો આનંદ જેટલો લૂટાય એટલો લૂંટી લો.

(5) 'ઘડતર' કાવ્યમાં શાળાને કોની સાથે સરખાવે છે? શા માટે?

જવાબ કવિ 'ઘડતર' કાવ્યમા શાળાને તીર્થ સાથે સરખાવે છે કારણ કે તે વિદ્યાર્થીના જીવનનુ ઘડતર કરે છે. વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ શાળામાં જ થઈ શકે છે. વિદ્યાર્થીઓમાં વિશ્વબંધુત્વની ભાવના, સમભાવ, યોગ-ધ્યાન, કસરત પશુપંખી તથા તથા પર્યાવરણ પ્રત્યે પ્રેમ જગાડવો., વિદ્યાર્થીઓને વિનય-વિવેક શીખવવા તેમજ માબાપની જેમ વિદ્યાર્થીમાં સંસ્કારનુ સીંચન કરવુ એ શાળાનો મુખ્ય ઉદ્દેશ છે.

પ્રશ્ન-3(અ) ટૂંકનોંધ લખો (ગમે તે એક)

(1) ચંદા

ચંદા એ રયજીના સંતાનોમાં સૌથી છેલ્લુ સંતાન હતી પિતાની જુવાનીનો જુસ્સો અને જોમ ઉતર્યા હતા. ભમ્મર ચઢાવેલો ગુમાની ચહેરો, અભિમાનથી ફૂલેલુ નાક, દૂંઆબ માં ચીસેલા હોઠ, ઊંચી ટટ્ટાર ડોક, ખડકની જેમ અણનમ રહેતા તેના ખભા, ફલંગ ભરીને ચાલે ત્યારે 'છટાક-છટાક' થતો તેનો ચણિયો અને અને રાતા રંગની ઓઢણીમાં શોભતો દેહ, ચંદા ગુમાની, આત્મવિશ્વાસ દર્શાવતી નિર્ભય તેમજ ગામના ભલભલા પુરુષોને પોતાના પરાક્રમથી શરમાવે તેવી છે એણે આખલાની આંખમાં આંખ પરોવી કરેલુ ત્રાટક, આખલાને અણુ દેતુ અનુ સૌંદર્ય, તેનો કોમળ સ્પર્શ અને તેના બુદ્ધિ ચાતુર્યથી પરાસ્ત થયેલા સાંઢને નાથવામાં એને સફળતા મળે છે.

(2) માતૃભાષાનો મહિમા

માતૃભાષામાં શિક્ષણ મેળવવાથી કલ્પનાશક્તિ અને તર્કશક્તિ વધુ ખીલે એમાં આપણી સભ્યતા અને સંસ્કૃતિ છે એમાં આપણા જીવનની પરંપરાઓ રૂઢિઓ બધુ શબ્દે-શબ્દે સંઘરેલું છે. આપણને જન્મ

આપનારી મા માની ભાષા તે માતૃભાષા અને મા અને
પકવીને પોષનારી ને પૃથ્વી - વનરાજીને ખીલવનારી
ધરતીમાતા - મારી આ ત્રણેનુ સ્થાન બીજુ કોઈ જ
ન લઈ શકે માતૃભાષામાં આપણા વિચારો સારી રીતે
રજૂ કરી શકીએ છીએ માતૃભાષા હૈયે હોવાથી હોઠે
આવે પ્રેમ કરવો, છોકો કજિયો કરીને રિસાવુ - રડવુ
ક્રિડા કરવી કે વહાલ કરવુ વગેરે માતૃભાષામાં સહેલાઈથી
અને વહથી પ્રગટ કરી શકાય છે. માતૃભાષામાં લાગણી
કે ભાવને અસરકારક રીતે વ્યક્ત કરી શકાય છે..

(ગ) નીચેના વાક્યો કોણ બોલે છે અને કોને કહે છે તે લખો.
(1) "હું મોટા ભા થઈને કોઈને દઈ દીધા?"
→ નિખિલરાય બોલે છે અંજનને કહે છે.
(2) "તે તુ શું માને છે એ મારું નસીબ છે?"
→ પાર્વતીબહેન બોલે છે દર્શનાને કહે છે.
(3) "હું તો કોઈને પુરુષ દેખતી નથી"
→ રાણી બોલે છે પિતા રાજા તથા ઉભેલા પુરુષોને કહે છે

(ઘ) આપેલુ કાવ્ય વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.
→ સાંજરે ને સવારે દઈ કાગળો - - - - -
— — — — ભીંજવી શુષ્ક એ પત્ર છોડે?

જ- (1) ટપાલી સવારે અને સાંજે આવે છે.
(2) પત્રમાં માતાની દુવાઓ હોય છે.
(3) ટપાલની પ્રતિક્ષા નૈન (આંખો) કરે છે.
(4) પત્રો વાંચી કેટલાક છાતીએ ચાંપે છે તો કેટલાક ચુંબનો ચોડે છે.

પ્ર-4(અ) નીચેનામાંથી ગમે તે એક વિષય પર નિબંધ લખો.

(1) શિયાળાની સવાર

પ્રસ્તાવના - ગામડાનું વાતાવરણ - શહેરનું વાતાવરણ - લાભ - ગેરલાભ - ઉપસંહાર

(2) સરદાર પટેલ

પ્રસ્તાવના - જન્મ - બાળપણ તથા શિક્ષણ સમાજ સેવાના કાર્યો - ગુણો - મૃત્યુ - ઉપસંહાર

(3) મારો યાદગાર પ્રવાસ

પ્રસ્તાવના - પ્રવાસની સામાન્ય માહિતી - પ્રવાસ અને તેમાં પડેલી મુશ્કેલીઓનું વર્ણન - ઉપસંહાર

(બ) નીચેનામાંથી ગમે તે બેના વિચાર વિસ્તાર લખો.

(1) સૂકાં પર્ણો વન ગજવતાં, શાંત લીલાં સદાયે

- લીલા અને સૂકા પાનના દૃષ્ટાંતથી ~~કવિ~~ કવયિત્રી એ ભાવ પ્રગટ કરે છે કે જેમ સૂકા પાનના ખખર ખખર અવાજથી આખું વન ગાજી ઉઠે છે પણ લીલા પાન શાંત હોય છે એમ અધૂરપવાળી વ્યક્તિ બહારથી સારો દેખાવાનો પ્રયત્ન કરતી હોય છે. પણ હકીકતમાં તો એ પોતાની અધૂરપ ઢાંકવા પ્રયત્ન કરે છે જ્યારે બહારથી શાંત દેખાતા માણસો ગુણવાન હોય છે.

(2) વિપત પડે ના વલખિયે ---- ઉદ્યમ વિપતને ખાય

-> જીવનમાં વિપત્તિ કે દુઃખ આવી પડે તો માણસે ગભરાઈ જવાની જરૂર નથી કેમ કે ગભરાઈ જવાથી વિપત્તિ કે દુઃખ દૂર થતા નથી પણ વધે છે એને સમયે જો એ પુરુષાર્થ કરે તો તેને વિપત્તિ કે દુઃખ દૂર થઈ જાય છે આમ વિપત્તિ કે દુઃખમાંથી ઊગરવાનો શ્રેષ્ઠ ઉપાય ઉદ્યમ છે.

(૩) નમ્રતાથી સૌ કો રીઝે, ___ છોડી ઊંચા સ્થાન.

→ નમ્ર વ્યક્તિ પોતાની વાણી અને વર્તન દ્વારા બીજાના મન હૃદય જીતી લે છે. નમ્ર વ્યક્તિ પ્રત્યે દરેકને આદર થાય છે. વિદ્યાર્થીમાં નમ્રતા હોય તો તે શિક્ષકનો પ્રેમ મેળવી શકે. કર્મચારીમાં નમ્રતા હોય તો તેના ઉપરી અધિકારીનો પ્રેમ મેળવી શકે. જે કાર્ય સત્તા અને બળથી થઈ શકતું નથી તે કાર્ય વિનય અને વિવેકથી થાય છે. તેના કામ જલદીથી થાય છે. આપણે તો નમ્ર બનીએ અને વિનય અને વિવેક અપનાવીએ.

પરમાર કમલેશકુમાર સી
સ. વ. પટેલ ઉ. પ્રા વિભાગ
ખેતીવાડી, આણંદ
મો.નં - ૯૯૭૮6 11285